5-5-02



જીવની સ્થિતિ તો જુઓ! કેવી દશા છે અને શું માનીને બેઠો છે! મહિમા તો સંયોગની પડી છે અને અમે વીતરાગના ભક્ત છીએ એમ માનીને, બની–ઠનીને ભગવાનની પૂજા કરવા જાય છે. પણ ભાઈ! આ શું કરે છે! તારી દૃષ્ટિ તો હજુ જૂઠી છે.

*—શ્રી કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૨૧ સં. ૨૦૫૭ [૬૯૧] * આત્મધર્મ * [અંક-૧૧ વર્ષ-૫૭] વીર સં. ૨૫૨૭ મે-૨૦૦૧

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જિનેન્દ્રકા કહા હુઆ નિર્દોષ વચન વહ હૈ જો સંસારકે માર્ગસે છુડાનેવાલા મોક્ષમાર્ગ બતાતા હૈ, જિસમેં જ્ઞાનસે હી જ્ઞાનકી શોભા હૈ ઔર જો નિશ્ચયસ્વરૂપ આપ હી હૈ. ૬૮૪. *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૭)*

❀ સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે. પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે. ૬૮૫. *(શ્રી સમયસાર, ગાથા–૩૦૮–૩૧૧નો ભાવાર્થ)*

❀ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર યહ જીવ યદ્યપિ બંધ-મોક્ષ-પુણ્ય-પાપકા કર્તા નહીં હૈં, તો ભી અશુદ્ધ–નિશ્ચયનયકર શુભ-અશુભ ઉપયોગોંસે પરિણત હુઆ પુણ્ય-પાપકે બંધકા કર્તા હોતા હૈ ઔર ઉનકે ફલકા ભોક્તા હોતા હૈ, તથા વિશુદ્ધજ્ઞાનદર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યકા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ શુદ્ધોપયોગકર પરિણત હુઆ મોક્ષકા ભી કર્તા હોતા હૈ, ઔર અનંત સુખકા ભોક્તા હોતા હૈ. ઈસલિયે જીવકો કર્તા ભી કહા જાતા હૈ, ઔર ભોક્તા ભી કહા જાતા હૈ. ૬૮૬.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૨, ગાથા–૨૮)*

❀ બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરક્ત થાય છે, તે કર્મોથી મુકાય છે. ૬૮૭.

*(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૨૯૩)*

❀ જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે, જે દુષ્ટકર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે, જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે, જે સાચા સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. ૬૮૮.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૬૨)*

*

કહાન
સંવત-૨૧
વર્ષ-૫૭
અંક-૧૧
[૬૯૧]

વીર
સંવત
૨૫૨૭
સં. ૨૦૫૭
MAY
A.D. 2001




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીની અંતર-વેદના

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.–૧૦૪)

પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે, તેમાં ૫૧મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

ભાવાર્થ :—ઇન્દ્રિયોથી જે સુખ ઉત્પન્ન થાય છે તે દુઃખરૂપ જ છે આવું કથન શ્રી પ્રવચનસારમાં કહ્યું છે. તેનું તાત્પર્ય એ છે કે ઇન્દ્રિયોના નિમિત્તે પ્રાપ્ત થતું સુખ પરવસ્તુ છે, નિજવસ્તુ નથી. બાધા સહિત છે, નિરાબાધ નથી. નાશ સહિત છે તેથી તેનો નાશ થયા વગર રહેતો નથી, બંધનું કારણ છે અને વિષમ છે તેથી તે ઇન્દ્રિયસુખ દુઃખરૂપ જ છે. આવું જેનું લક્ષણ છે એવા ઇન્દ્રિયસુખને અથવા દેહજનિત સુખને મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાથી સાધુ છોડે છે.

વીતરાગનિર્વિકલ્પ સમાધિના બળથી આકુળતા રહિત પરમસુખ નિજપરમાત્મામાં સ્થિત થઈને જે મહામુનિ દેહથી ભિન્ન પોતાના શુદ્ધાત્માને જાણે છે તેઓ દેહ ઉપર રાગ–દ્વેષ કરતાં નથી. જે બધી રીતે દેહથી નિર્મમત્વ થઈને દેહના સુખને અનુભવતાં નથી તેમના માટે જ આ વ્યાખ્યાન શોભે છે, દેહબુદ્ધિવાળાને શોભતું નથી. એ આ ગાથાનો અભિપ્રાય છે.

યોગીન્દ્રદેવ શું કહે છે? ઇન્દ્રિયોના વિષયોમાં સુખ છે એવી જે કલ્પના છે તે દુઃખરૂપ જ છે. સુખ તો આત્માના આનંદમાં છે. એવો અનુભવ કરનારા જ્ઞાની દેહમાં સુખ માનતાં નથી. દેહ તો જડ છે અને ઇન્દ્રિયો પણ જડ છે. ધર્મી તે ઇન્દ્રિયો

કે ઈન્દ્રિયોના વિષયોમાં સુખ માનતાં નથી. જીવ તો તે વિષયોને ભોગવી શકતો નથી છતાં તેમાં સુખ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એવો પ્રેમ, રુચિ અને દૃષ્ટિ થઈ છે એવા ધર્મીજીવને સંયોગમાં ચક્રવર્તીનું રાજ હો તેમાં સુખબુદ્ધિ નથી અને નરકની પ્રતિકૂળતામાં દુ:ખબુદ્ધિ નથી. સુખ તો એક આત્મામાં જ છે અને પર તરફના લક્ષથી જે વિકલ્પ ઊઠે છે તેમાં દુ:ખ છે. એ ભાવ જ દુ:ખરૂપ છે. આત્માનું ભાન હોવા છતાં જે રાગ ઊઠે છે તે દુ:ખરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને આસક્તિવશ પાંચઇન્દ્રિયના વિષય સંબંધી જેટલો ભાવ ઊઠે છે તે દુ:ખરૂપ છે અને મુનિને તો એવા ભાવ ઊઠતાં નથી તેથી દુ:ખ નથી.

જુઓ ! આ ધર્મીની દૃષ્ટિમાં ધર્મ ક્યાં છે અને દુ:ખ ક્યાં છે તે બતાવે છે. પ્રવચનસારની ગાથાનો આધાર આપ્યો છે. ધન–વૈભવ આદિ અનુકૂળ સંયોગમાં સુખ નથી અને નરકાદિ પ્રતિકૂળ સંયોગમાં દુ:ખ નથી પણ, તેનાથી મને સુખ અને દુ:ખ છે એવી જેને ઊંધી માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મને એવી ઊંધી માન્યતા હોતી નથી. જેને દેહ સાથે એકતાબુદ્ધિ છે તે જ વિષયસુખને સુખરૂપ માને છે. રૂપાળા અને માખણ જેવા શરીરમાં તેને સુખ લાગે છે. પણ એ જ શરીરમાંથી નવદ્વારોથી મળ વહે છે. માટે એ તો ખરેખર મેલ ભરેલું પાયખાનું છે—(શૌચાલય છે.)

ધર્મીને અતીન્દ્રિય આનંદમૂર્તિ આત્મામાં આનંદ ભાસે છે. તેને શરીરમાં કે વિષયોમાં સુખ ભાસતું નથી. જેને આત્મામાં આનંદ ભાસે છે તેને જ ધર્મી કહેવાય છે. બહારથી ક્રિયા, વ્રત, તપાદિ કરે છે તે ધર્મી નથી. વ્રતના ભાવ શુભપરિણામ છે અને અવ્રતભાવ અશુભપરિણામ છે. તે બંને બંધના કારણ છે—ધર્મ નથી—આત્માના કલ્યાણના કારણ નથી.

સ્ત્રી અનુકૂળ હોય, મકાન અનુકૂળ હોય, માથે પંખા ફરતા હોય, સોનાની સાંકળવાળા હિંડોળામાં હીંચકતો હોય અને શીખંડ પૂરી ખાતો હોય.....લાખ જાતની સગવડતા હોય....પણ તેનું લક્ષ કરવાથી જે વિકલ્પ ઊઠે છે તે દુ:ખ જ છે. તે દુ:ખતત્ત્વને સુખતત્ત્વ માનવું તે મિથ્યાદૃષ્ટિપણું, અજ્ઞાનીપણું છે.

દેહાદિ સંયોગ તો પરવસ્તુ છે, કર્મ પણ પરવસ્તુ છે અને તેના લક્ષે જે વિકલ્પ ઊઠે છે તે પણ આત્માનો સ્વભાવ નહિ હોવાથી પરભાવ છે, નિજભાવ નથી, તેમાં ધર્મીને સુખ ભાસતું નથી.

ધર્મદૃષ્ટિ એટલે આત્મદૃષ્ટિ, આત્મદૃષ્ટિ એટલે આત્મામાં અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ. આવી દૃષ્ટિ પ્રાપ્ત ધર્મીને ઇન્દ્રના ઇન્દ્રાસનમાં ક્યાંય સુખ ભાસતું નથી—પુણ્યના ફળમાં ધર્મીને સુખ લાગતું નથી.

ઇન્દ્રિયસુખ વિષમ છે, એકરૂપ રહેતાં નથી. શાતાના ઉદયમાં તો અજ્ઞાનીને સારું લાગે છે પણ જ્યાં અશાતાનો ઉદય આવે ત્યાં આકુળતા કરીને દુઃખી થઈ જાય છે. ઉદય તો એકસરખો રહેતો નથી. વળી વિષયસુખ બાધા સહિત છે. અચાનક અનુકૂળ વિષયો પ્રતિકૂળ થઈ પડે છે. સુંદર દેખાતા શરીરમાં ચેપી રોગાદિ આવી જતાં કોઈ અડવા પણ તૈયાર થતું નથી–દૂર રહે છે. ઉમરાળામાં એક સ્થાનકવાસી ભાવસાર શાકાહરી હતો પણ એકવાર માંસ ખાવામાં આવી ગયું તો તેને એવો ગલત કોઢ નીકળ્યો કે છેલ્લે તો ઇયળો ફરતી હોય તેમ લાગતું હતું. ઘરના સ્ત્રી, પુત્રાદિ પણ તેને અડતા નહિ. થાળી–વાટકાં પણ તેના જુદા ! બિચારો ધર્મમાં પ્રેમ રાખતો હતો તેથી તેણે સમયસાર મંગાવતા અહીંયા પહેલીવાર સમયસાર છપાયા તેમાંથી એક પુસ્તક ખેપિયા મારફત તેને મોકલ્યું હતું.

અહીં તો એ કહેવું છે કે પ્રતિકૂળતા આવે ત્યાં એના વિષયસુખમાં બાધા આવી જાય છે. જેને સુખના સાધન માને છે એવા દસ–વીસ લાખ રૂપિયા પણ રોગાદિમાં તેને સુખ ઉપજાવી શકતાં નથી. ગળામાં કેન્સર થયું હોય તો દવાની ગોળી પણ ગળામાં અટકી જાય છે અને સડે છે. દવા તેના દર્દને મટાડી શકતી નથી. ત્યાં ડોકટર તો શું કરી દેવાના હતા ?

આમ, વિષયસુખમાં આનંદ માનવો એ જ જીવની મિથ્યાદૃષ્ટિ પાપબુદ્ધિ છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમદેવે આત્માને જ્ઞાન અને આનંદમય જોયો છે એવા આત્માની દૃષ્ટિ કરીને તેને સ્વીકારવામાં આનંદ છે. તેના બદલે તું વિષયોમાં સુખ માને છે એ તારી તત્ત્વની મૂળભૂત ભૂલ થાય છે. જે દુઃખરૂપ છે એવા આસ્રવભાવને તું સુખરૂપ માને છે.

વળી, વિષયો નાશ સહિત છે. વિષયસુખ હોય ત્યાં સુધી બાધાસહિત છે, એકરૂપ રહેતાં નથી અને થોડો વખત એકરૂપ રહે તોપણ તેના તરફની કલ્પના એકલી દુઃખરૂપ જ છે. વિષયસુખ નાશ પામતાં પણ વાર નથી. પોતાના કમાયેલા ધનાદિને પોતે ભોગવી શકતો નથી અને બીજા ભોગવે છે. અરે ! મેં પાપ કરીને બધું ભેગું કર્યું તેને હું તો ભોગવી શકતો નથી અને આ બધાં મોજ કરે છે એમ માનીને દુઃખી થાય છે પણ ભાઈ ! તે શું કર્યું છે ! તે તો માત્ર રાગ–વિકાર કર્યો છે. ધનની ધૂળ તારાથી

આવી નથી. પણ મૂઢને તત્ત્વની ખબર નથી એટલે ખોટી કલ્પના કર્યા કરે છે.

સંતો અને પરમાત્માઓ તો અનંતકાળથી કહેતાં આવે છે કે વિષયોમાં સુખ નથી, સુખ તારા આત્મામાં છે. પરમાં દુઃખ નથી, દુઃખ તારી મિથ્યામાન્યતામાં છે. તારો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદનું ધામ છે. તેની દૃષ્ટિ કરવામાત્રથી આનંદ ઝરે એવો તારો આત્મા છે તેના અજ્ઞાનવશ તું પરમાં આનંદ માને છે એ એકલા દુઃખનું કારણ છે અને નવા બંધનું કારણ છે. તેને તું ઠીક માને છે એ તારો મિથ્યાત્વભાવ છે.

એકટાણા, ઉપવાસ કરીને તેમાં ધર્મ માને અને ખાવા–પીવાની સામગ્રીમાં સુખ માને....મૂઢતા છે. ત્યાં સાચાં વ્રત, તપ પણ ક્યાં હતા ?

વિષયસુખ, ઈન્દ્રિયસુખ વિષમ છે. એકભવમાં કેટલાકને તો અનેકવાર શાતા–અશાતાના ઉદયનો મોટો પલટો આવે છે. પાંચ વર્ષ સારા જાય ત્યાં દસ વર્ષ દુઃખમાં જાય, વળી અનુકૂળતા થાય... તેમાં સારું તો કાંઈ નથી પણ એ પોતે માને છે. ગરીબ હોય ત્યારે લાકડી લઈને ચાલતો હોય અને પૈસા થાય ત્યાં તો લાકડી પણ છોડી દે એવા પણ અમે જોયાં છે બધાંયને. ગાંડાના ગામ કાંઈ જુદા હોય છે ! મૂરખા છે બધાંય અજ્ઞાની પતલા કપડાં, સોનાના કંદોરા, અને ઉપર જરીનાં ખેસ નાંખીને નીકળે.... જીવની સ્થિતિ તો જુઓ ! કેવી દશા છે અને શું માનીને બેઠો છે ! મહિમા તો સંયોગની પડી છે અને અમે વીતરાગના ભકત છીએ એમ માનીને, બની–ઠનીને ભગવાનની પૂજા કરવા જાય છે. પણ ભાઈ ! આ શું કરે છે ! તારી દૃષ્ટિ તો હજુ જૂઠી છે.

ભગવાનની પૂજા કરશું તો ભગવાન અમારું ભલું કરશે એમ માને, પણ ભગવાન તો વીતરાગ અને સર્વજ્ઞ છે. તે કોઈના કર્તા નથી. ભગવાન ત્રણકાળ ત્રણલોકને જાણે પણ કોઈનું કાંઈ કરે નહિ, કોઈને કાંઈ આપે નહીં. માટે, ભગવાન મારું ભલું કરશે એવા ભ્રમમાં રહીશ નહિ, પોતે તો વ્યભિચાર સેવવો, જૂઠા બોલવા, દગા કરવા...એવા અનેક ખોટા કામ કરવા અને મંદિરમાં જઈને ચાંદલા કરીને નીકળે એટલે લોકો જાણે કે આ તો બહુ ધર્મી છે પણ એમ ધર્મી થવાતું નથી ભાઈ ! અખંડાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ શુભાશુભભાવથી રહિત છે તેની દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શનનો ચાંદલો થાય તેમ નથી.

આવા પરયુક્ત, બાધાસહિત, બંધના કારણ, વિષમ, નાશવાન વગેરે લક્ષણયુકત દેહજનિત સુખને ધર્મીજીવો મન, વચન, કાયા અને કૃત, કારિત અનુમોદનાથી છોડે

છે. નવ–નવ કોટીએ દેહમાં સુખની કલ્પનાને છોડે છે. આ સમ્યગ્દર્શન સહિત સ્થિરતાની વાત છે. આ તો વીતરાગનો મારગ છે માટે બહુ સૂક્ષ્મ છે. આત્મા અનંત આનંદનો સાગર છે તેની અંદર રાગ રહિત દૃષ્ટિ કરી, નિર્વિકલ્પ એટલે અભેદ શાંતિ વેદાય—તેના બળથી આકુળતા રહિત થવાય છે. પરમશાંતરસની શીલાના અનુભવથી આકુળતાનો અભાવ થાય છે.

કેટલીક જડીબુટ્ટી એવી હોય છે કે તે કદમાં નાની હોય પણ તે ખાવાથી ૧૫–૧૫ દિવસ સુધી ભૂખ ન લાગે. રજકણો એવી રચનાએ ગોઠવાઈ ગયા હોય છે કે કટકી ખાતાં તેને એક મહિના સુધી ખાવાની–જમવાની જરૂર ન પડે. પુદ્ગલના સ્કંધમાં એવી તાકાત છે તેમ આ ચૈતન્યસ્કંધ એવો છે કે તેમાં દૃષ્ટિ આપવાથી અને તેમાં એકાગ્રતા કરવાથી આનંદની જમાવટ થાય છે. અનાદિથી ચાલી આવતી આકુળતા ટળી જાય તેમ છે.

આત્મા એક એવી જડીબુટ્ટી છે કે એક સેકંડના અસંખ્યમાં ભાગમાં આત્મા અનાકુળ આનંદકંદ છે તેમાં, રાગરહિત દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ અભેદ શાંતિમાં ઠરતા આકુળતા મટી જાય છે.

સમ્યગ્દૃષ્ટિ પરમાં સુખ માનતો નથી પણ પરમાં આસકિતનો ભાવ રહે છે. પરમાં રુચિ રહી નથી પણ આસક્તિ થાય છે. તેથી મુનિને આસક્તિના પણ અભાવમાં જેવો આત્માનો વીતરાગ અનુભવ થાય છે તેવો સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. તેથી અહીં વિશેષ સમભાવ સમજાવવા માટે આસક્તિનો પણ અભાવ કરીને સ્વરૂપાનંદમાં ઠરે છે એવા મુનિની વાત લીધી છે. આવા મુનિવરો દેહ ઉપર રાગ–દ્વેષ કરતાં નથી.

દેહને કારણે મને રાગ–દ્વેષ થાય છે એમ સમ્યગ્દૃષ્ટિ માનતા નથી પણ પોતાની નબળાઈના કારણે દેહમાં રાગ–દ્વેષ થાય છે. જ્યારે મુનિને અસ્થિરતા પણ ટળી હોવાથી નબળાઈથી પણ દેહમાં રાગ–દ્વેષ થતાં નથી. નિર્મળાનંદ આત્માનો અનુભવ કરીને રાગ–દ્વેષાદિથી છૂટે છે તેને આ વ્યાખ્યાન શોભે છે—તેને આ ભાવ શોભે છે. આસકિતનો પણ અભાવ કરીને વીતરાગ પરમાનંદમાં ઝૂલે તેને મુનિ કહેવામાં આવે છે. બહારથી ત્યાગ કરીને મુનિપણું મનાવે છે તે મુનિ નથી.

જેને શરીરની અનુકૂળતામાં અને બહારની આબરૂ, કીર્તિમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો જેને શરીર અને આબરૂ આદિમાં આસક્તિ પણ થતી નથી અને આત્માના આશ્રયે અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય છે તેને સાધુ કહેવાય છે. તેને જ નિર્ગ્રંથ કહેવાય છે. આવા ગુરુને માને ત્યારે વ્યવહારશ્રદ્ધા

સાચી કહેવાય છે. દેવ–ગુરુના સ્વરૂપને સમજ્યા વગર ખાલી પાઠ શીખી લેવાથી શ્રદ્ધા સાચી થતી નથી.

જેને દેહમાં મમતા છે એવા મિથ્યાદૃષ્ટિને આ વ્યાખ્યાન શોભતું નથી. દેહની ક્રિયા હું કરું છું, વાણી હું બોલું છું, હું બીજાને ઉપદેશ આપું છું, ઉપદેશ દેવાનો જે રાગ થાય છે તે મને લાભદાયક છે એમ જે માને છે તે તો અજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ છે. તેને તો સમ્યગ્દર્શન પણ નથી. અહીં તો સમ્યગ્દર્શન થયા પછી પણ જેટલાં વિકલ્પ ઊઠે છે તેને બંધના કારણ જાણી છોડે છે અને પરમ શાંતરસમાં ઠરે છે તેને ભગવાન 'સાધુ' કહે છે. ભગવાનની વાણીમાં વસ્તુસ્થિતિના જ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન શું, સમ્યગ્જ્ઞાન શું અને સમ્યક્ચારિત્ર શું એ ત્રણેયની વ્યાખ્યા આવી છે.

હવે ૫૨ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે મહામુનિ પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં પણ રાગ–દ્વેષ કરતાં નથી.

वित्ति–णिवित्तिहिं परम–मुणि देसु वि करइ ण राउ ।
बंधहं हेउ वियाणियउ एयहें जेण सहाउ ॥५२॥

પ્રવૃત્તિ એટલે શુભરાગરૂપ વ્રત અને નિવૃત્તિ એટલે અશુભરાગ અવ્રતથી નિવૃત્તિ એ બંને રાગ અને દ્વેષ છે. બંને ભાવ બંધના કારણ છે એમ સમ્યગ્દૃષ્ટિ પ્રથમ જ માને છે પણ સમ્યગ્દૃષ્ટિને એ ભાવ છૂટ્યાં નથી. મહામુનિ તો આત્મામાં તલ્લીનતા પૂર્વક વ્રત અને અવ્રતમાં રાગ અને દ્વેષ કરતાં નથી. બંને વિકલ્પથી રહિત થઈને સ્વરૂપમાં ઠરી જવું તે જ સાધુપણું–મુનિપણું છે.

પંચમહાવ્રતના પરિણામ પુણ્યબંધનું કારણ છે અને અવ્રતના પરિણામ પાપબંધનું કારણ છે. પણ બેમાંથી કોઈ ભાવ મોક્ષનું કારણ નથી. લોકોને એમ લાગે છે કે મહારાજે આ ઘરની વાત કાઢી છે પણ આ ઘરની વાત પણ અનાદિથી તીર્થંકરોએ કરેલી વાત છે. મિથ્યાદર્શન સહિતના વ્રતને તો વ્યવહારથી પણ વ્રત કહી શકાતાં નથી. વસ્તુની દૃષ્ટિ વગર થોડી અહિંસા પાળે, દયા પાળે, દાન કરે તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી.

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલ આત્મકલ્યાણનો માર્ગ કોઈ અલૌકિક છે તેને એક સેકંડમાત્ર પણ જે સમજે તેના જન્મ–મરણનો નાશ થાય એવો આ માર્ગ છે. તેની મેળવણી બીજા કોઈ માર્ગ સાથે થઈ શકે તેમ નથી. વીતરાગ સર્વજ્ઞના માર્ગ જેવો બીજો કોઈ માર્ગ ત્રણકાળમાં ક્યાંય હોઈ શકે નહિ. વિકલ્પ છોડીને નિર્વિકલ્પ

થઈ જવાની વાતો કરે પણ આત્માને ઓળખ્યા વગર જશો ક્યાં? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમાં ભાગમાં અનંત ગુણનો રસકંદ છે તેની ઓળખાણ વગર તેમાં લીન થઈ શકાતું નથી. આત્મદ્રવ્યમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, કર્તા-કર્મ આદિ અનંત શકિતઓ દરેક સમયે પડેલી છે. પરથી ભિન્ન પડીને આવા આત્મદ્રવ્યની દૃષ્ટિ કરવી તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. પરમાત્મપ્રકાશના પહેલાં અધિકારમાં છ દ્રવ્ય, નવતત્ત્વ આદિની વાત કરીને પછી આ બીજા અધિકારમાં મુનિદશાની વાત કરી છે. વસ્તુસ્થિતિનું જ્ઞાન તો પ્રથમ જ જોઈએ. ભગવાને જગતમાં છ દ્રવ્યને જોયેલાં છે તેને સમકિતી બરાબર માને છે. આત્મા એકલો નથી. પોતાના આત્મા સિવાય જગતમાં બીજાં અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુઓ છે, અસંખ્ય કાલાણુ છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ છે. આ છ દ્રવ્યને શ્રદ્ધામાં લે ત્યારે હજી શુભરાગ કહેવાય અને છ દ્રવ્યમાંથી એકલો આત્માને તારવીને, રાગથી નિવૃત્તિ લઈને, આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લે ત્યારે સમ્યગ્દર્શન કહેવાય છે. છ દ્રવ્યની શ્રદ્ધાના જ જેને ઠેકાણાં ન હોય તેને આત્માની શ્રદ્ધા થઈ શકતી નથી.

છ દ્રવ્યની સાથે નવતત્ત્વની પણ યથાર્થ શ્રદ્ધા થવી જોઈએ. પહેલાં રાગમાં-વિકલ્પમાં નવતત્ત્વની શ્રદ્ધા કરે તે શુભરાગ છે પછી નવ ભેદને ગૌણ કરીને એક આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે.

વીતરાગના માર્ગને અત્યારે કચડી-મચડીને રાગમાં જોડી દીધો છે એ જોઈને કાલે તો એમ થઈ ગયું હતું કે અરે! અત્યારે સાક્ષાત્ ભગવાન નહિ, ગણધર નહિ, ઈન્દ્ર નહિ, કોઈ અવધિજ્ઞાની પણ દેખાતાં નથી કે લોકોને સાક્ષીથી બતાવે કે માર્ગ તો વીતરાગે કહ્યો છે તે જ યથાર્થ છે. મહાવિદેહમાં અત્યારે સીમંધરભગવાન સાક્ષાત્ બિરાજે છે, ગણધરદેવ પણ ત્યાં બિરાજે છે અને ૧૧ અંગ ૧૪ પૂર્વની રચના કરે છે. ભગવાન તો ત્યાંથી અહીં ન આવે પણ ગણધર દેવ કે ઈન્દ્રાદિ પણ આવતાં નથી અને અહીં કોઈને અવધિજ્ઞાન નથી. અવધિજ્ઞાન હોય તો તેના વડે સત્યની સિદ્ધિ કરી શકે.

મુરબ્બી શ્રી રામજીભાઈ :—જીવો બધાં વક્રચિત્ત છે, કોઈ ભીંજાય તેમ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શુભાશુભભાવરહિત અખંડાનંદ પ્રભુની દૃષ્ટિથી જ ધર્મની શરૂઆત થાય છે એ વિના તપ કરીને સૂકાય જાય તોપણ ધર્મ કદી થાય તેમ નથી.

શ્રોતા :—ભગવાનના પ્રતિનિધિ આપ તો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રતિનિધિ છીએ પણ સામા જીવોને તેના ભૅવ ભાૅવ આદિ પ્રત્યક્ષ બતાવી દેવાની તાકાત નથી ને ! સામા માણસને પ્રત્યક્ષ થાય એવી તાકાત હોય તો માર્ગની યથાર્થતા સિદ્ધ કરી શકાય. જે શ્રદ્ધા–જ્ઞાનથી માને એ તો બરાબર છે પણ આ તો વિરોધીને પણ કહી શકાય કે જો તારા ભાવ પાંચ વર્ષ પહેલાં આવા હતા તેનું આ ફળ આવ્યું છે, તું પૂર્વમાં આ ભવથી આવ્યો છો અને મરીને આ ભવમાં જવાનો છે.... વગેરે વાતથી વિરોધીને પણ શ્રદ્ધા બેસી જાય.

જુઓ, અહીં યોગીન્દ્રદેવ શું કહે છે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ શુભાશુભ બંને ભાવોનો સ્વભાવ કર્મબંધ છે એમ જાણી લીધું છે એવા જ્ઞાનીઓ વ્રત–અવ્રત બંનેથી રહિત સ્વભાવમાં સ્થિરતા કરે છે. વ્રત, અવ્રતના રાગરહિત, આત્માની અંતરદૃષ્ટિ પૂર્વક સ્થિરતાનું નામ જ ધર્મ છે.

લોકો એમ બોલે છે કે 'ઋષભદેવથી માંડીને બધાં ભગવંતોએ વ્રત, તપથી ધર્મ કહ્યો છે તેનો કાનજીસ્વામીએ લોપ કરી નાંખ્યો છે.' પણ વીતરાગ ભગવંતોએ વ્રત–તપને ધર્મ કહ્યો નથી. આ ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મુનિ યોગીન્દ્રદેવ શું લખે છે તે જુઓને ! વ્રત અને અવ્રત બંને વિકલ્પ રાગ છે–બંધનું કારણ છે એમ લખે છે. લોકોને થોડા વ્રત–તપ અને દાન કરીને ધર્મ મનાવી લેવો છે પણ એમ ધર્મ થાય તેમ નથી. પૈસાવાળા હોય તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ દાનમાં આપી દે તેનાથી ધર્મ થઈ જાય ? મમતા ઘટાડી હોય એટલો પુણ્યબંધ થાય પણ પૈસાથી ધર્મ ત્રણકાળમાં ન થાય. અરે ! સાક્ષાત્ તીર્થંકરને મુનિ–અવસ્થામાં આહાર આપવાનો ભાવ પણ શુભરાગ છે, ધર્મ નથી.

વીતરાગનું તત્ત્વ તો આવું નગ્ન સત્ય છે. દુનિયાની સાથે તેનો મેળ ખાય તેમ નથી. પરના આશ્રયે સંવર–નિર્જરારૂપ ધર્મ ત્રણ કાળ ત્રણલોકમાં કોઈને ન થાય.

શ્રોતા :—આ તો પરમસત્ય જાહેર થાય છે.

ભાવાર્થમાં પહેલો જ બોલ છે—'વ્રત, અવ્રતમાં પરમમુનિ રાગદ્વેષ કરતાં નથી.' અહિંસા, સત્ય, અચૌર્યનો રાગ છે તે ધર્મ નથી, સંવર–નિર્જરા નથી. શુભરાગને ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

સમ્યગ્દર્શન થયા પછી પણ સત્ય બોલવું, હિંસા ન કરવી, ચોરી ન કરવી આદિ ભાવ રહે છે તે શુભભાવ છે અને અવ્રતનો ભાવ રહે છે તે પાપભાવ છે. તે બંનેથી રહિત, સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા તે ધર્મ છે. શુભ કે અશુભરાગથી ધર્મ

નથી. અનાદિથી સંતો મુનિઓ, કુંદકુંદ આદિ આચાર્યો, ભગવંતો આદિ બધાં આ એક જ માર્ગ બતાવે છે.

'એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ...' માં શ્રીમદ્જી પણ આ જ એક માર્ગ બતાવે છે. અહીં યોગીન્દ્રદેવની આ ગાથા પણ બહુ સરસ આવી ગઈ છે. 'હું શુદ્ધ ચૈતન્ય છું' એવી દૃષ્ટિ અને સમ્યગ્દર્શન હોવા ઉપરાંત વ્રત લેવાના, અવ્રત છોડવાના વિકલ્પ આવે પણ વ્રતનો ભાવ પોતે સંવર નથી, તેનાથી નિર્જરા થતી નથી, બંધ જ થાય છે. વ્રતના ભાવમાં કષાયની મંદતા છે અને અવ્રતના ભાવમાં કષાયની તીવ્રતા છે તેથી બંને મંદ અને તીવ્ર બંધના જ કારણ છે.

મુનિની દશા તો એવી હોય છે કે ક્ષણમાં છઠ્ઠા ગુણસ્થાને હોય ત્યાં ક્ષણમાં સાતમુ ગુણસ્થાન આવી જાય, ત્યાં વ્રતનો વિકલ્પ છૂટી જાય છે. વ્રતનો ભાવ રાગ છે, અવ્રતનો ભાવ પાપ છે એવી બંધની દશા પહેલાં જાણી છે, સ્વરૂપની દૃષ્ટિ થઈ છે પછી વ્રત, અવ્રતનો વિકલ્પ છોડી સ્વરૂપમાં ઠરે છે તેનું નામ સમભાવ છે તેનો અર્થ જ એ કે વ્રતનો વિકલ્પ છે તે સમભાવ નથી વિષમભાવ છે—રાગ છે. તેને છોડીને સ્વરૂપમાં ઠરે છે ત્યારે મુનિને ચારિત્ર અર્થાત્ સમભાવ થાય છે.

આ ૩૮ થી ૫૨ ગાથા સુધી સમભાવની જ બધી વાત આવી છે. આ તો વીતરાગનો મારગ છે બાપા ! બહુ શાંત થાય ત્યારે સમજાય તેવો છે. તીર્થંકર જેવા પણ પહેલાં તો અનંતકાળ નિગોદ અને ચારગતિમાં રખડતાં હતાં પછી સમજ્યાં છે.

આ વાત સાંભળીને શિષ્ય પ્રભાકરભટ્ટ પ્રશ્ન કરે છે કે હે ભગવન્ ! જો વ્રત ઉપર મુનિ રાગ કરતા નથી તો વ્રત કેમ ધારણ કરે છે ? અથવા ભગવન, આપ વ્રતને બંધનું કારણ કહો છો તો પછી વ્રત કોણ લેશે ? માટે આમ કહેવાથી તો વ્રતનો નિષેધ થશે.

જુઓ ! આ ટીકા ઘણાં વર્ષ પહેલાંની છે અને મૂળ શ્લોક પણ ૯૦૦ વર્ષ પહેલા યોગીન્દ્રદેવે લખેલાં છે. કોઈ પણ દિગંબર સંત હો—બધાંએ અનાદિથી એક જ ધારા વહાવી છે. તેમાં કોઈ મુનિની વાણીમાં ક્યાંય ફેર ન હોય. કોઈ કથન નિશ્ચયથી હોય, કોઈ કથન વ્યવહારથી હોય એમ કથનમાં ફેર હોય પણ કોઈના ભાવમાં ફેર ન હોય. દિગંબર સંતો એટલે કોણ !! ભગવાનની સાથે વાતો કરનારા જંગલવાસી સંતના કોઈ ભાવમાં વિરોધ ન હોય.

અહીં શિષ્યે પ્રશ્ન કર્યો છે તેનો અર્થ આગળ આવશે : *(ક્રમશઃ)*

# સ્વ-સત્તાનું ભાન થયું ત્યાં ભય બધાં ગયા

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન–૮૩)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં નિર્જરા અધિકારમાં ધર્મીને કેમ નિર્જરા થાય છે તેની વાત ચાલે છે. ધર્મી સાતેય પ્રકારના ભયથી રહિત હોય છે તેમાંથી ત્રણ ભય મટાડવાના ઉપાયનું કથન આવી ગયું છે. હવે વેદનાભય મટાડવાનો ઉપાય ૫૩મા પદ્યમાં કહે છે.

૪–વેદના ભય મટાડવાનો ઉપાય

वेदनवारौ जीव, जाहि वेदत सोऊ जिय ।
यह वेदन अभंग, सु तौ मम अंग नांहि बिय ॥
करम वेदना दुविध, एक सुखमय दुठीय दुख ।
दोउ मोह विकार, पुग्गलाकार बहिरमुख ॥
जब यह विवेक मनमहिं धरत, ताा न वेदनाभय विदित ।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित ॥५३॥

**અર્થ :**—જીવ જ્ઞાની છે અને જ્ઞાન જીવનું અભંગ અંગ છે. મારા જ્ઞાનરૂપ શરીરમાં જડ કર્મોની વેદનાનો પ્રવેશ જ થઈ શકતો નથી. બંને પ્રકારનો સુખ–દુ:ખરૂપ કર્મ–અનુભવ મોહનો વિકાર છે, પૌદ્‌ગલિક છે અને આત્માથી બાહ્ય છે. આ પ્રકારનો વિવેક જ્યારે મનમાં આવે છે ત્યારે વેદનાજનિત ભય જણાતો નથી. જ્ઞાની પુરુષ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિ:શંક રહે છે.

वेदनवारौ जीव—જ્ઞાની જીવને એવું ભાન વર્તે છે કે મારે તો સિદ્ધ થવું છે જેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત શાંતિ પ્રાપ્ત થાય એવી સિદ્ધદશા ક્યાંથી પ્રાપ્ત થશે? કે જેમાં તેની શકિત ભરી છે ત્યાંથી જ પ્રાપ્ત થાય. તે કાંઈ નિમિત્તમાંથી કે રાગમાંથી કે એક સમયની પર્યાયમાંથી પ્રાપ્ત થાય તેમ નથી. મૂળવસ્તુમાં આ શકિતઓ રહેલી છે માટે તેમાં એકાગ્ર થવાથી જ સિદ્ધદશા પ્રાપ્ત થાય છે અને કર્મોની નિર્જરા થઈ જાય છે.

વેદનારો જીવ પોતે જ પોતાને વેદે છે. બધી શકિતઓ પોતાની અંદર જ ભરેલી છે માટે અંતરમાં શોધે તો મળે છે, બહાર શોધે તો શકિત મળતી નથી.

ધર્મીને શુભાશુભપરિણામમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. શરીર, સ્ત્રી, પુત્ર, આબરૂ આદિમાં ક્યાંય સુખ નથી. જ્યાં સુખ છે તે તો પોતે જ છે. આનંદનો વેદનારો હું અને જે વેદાય છે એવી જ્ઞાનાનંદની દશા મારી છે. રાગ–દ્વેષ અને સુખ–દુ:ખની કલ્પના મારા સ્વરૂપમાં નથી. માટે હું તેને વેદનારો નથી.

વસ્તુનું સત્‌સ્વરૂપ જે છે તે રીતે વીતરાગદેવે બતાવ્યું છે. ભગવાને તેને બનાવ્યું નથી. ભાઈ ! તારે સુખી થવું છે ને ! હા. તો થોડું સુખ જોઈએ છે કે પૂરું ?—પુરું સુખ જોઈએ છે. તો એ ક્યાંથી મળે ? કે અતીન્દ્રિય આનંદમાં જ પૂરું સુખ છે તે કાંઈ પાંચ ઈન્દ્રિયના વિષયોમાંથી મળે તેમ નથી. શુભાશુભા રાગમાં પણ સુખ મળે તેમ નથી, તેમાં તો આકુળતા છે. આમ જાણતાં જ્ઞાની રાગમાં સુખ શોધવા જતાં નથી. મારા આનંદસ્વરૂપમાં એકાગ્રતા થવાથી જે આનંદ પ્રગટ થાય તે અભંગ છે તેમાં કદી ભંગ પડે તેમ નથી.

જેમ વસ્તુ અભંગ છે તેમ તેના આશ્રયે પ્રગટ થયેલો આનંદ પણ અભંગ છે, તે જ મારું સ્વરૂપ છે. તેમાં બીજી વેદના વ્યાપતી નથી. હું જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતાના સામર્થ્યવાળો આત્મા છું, હું પામર નથી, હું અલ્પજ્ઞ નથી, હું વિકારી નથી, હું તો અભંગ અખંડ આનંદની વેદનાને વેદનારો છું. રાગથી તો હું મુક્ત છું. તેથી મને મારા આનંદની વેદનામાં બીજી વેદના વ્યાપે તેમ નથી.

આ અનેકાંત છે. ધર્મી આ અનેકાંતને અનુભવે છે–કે સ્વભાવના વેદનનો ભાવ એ જ મારું અંગ છે, રાગનું વેદન એ મારું અંગ નથી માટે રાગનું વેદન મારા સ્વભાવમાં વ્યાપતું નથી.

ભગવાન ! તું છો ને ! તારામાં શું છે અને શું નથી ? તારામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા આદિ બધું પૂરું છે, કાંઈ અધૂરું નથી. ક્યારે ?–કે અત્યારે જ. જે ક્ષણે દ્રવ્યને સ્વીકાર્યું તે જ ક્ષણે દ્રવ્યમાં પૂર્ણતા ભરી છે અને તેમાં એકાગ્ર થવાથી ધારા વહે છે તે સમ્યગ્દષ્ટિ છે. ધર્મની દશા બહારથી મળે તેમ નથી. ધર્મની દશા સમ્મેદશિખર કે શત્રુંજયમાંથી મળે તેમ નથી, સમવસરણમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે તેમની પાસે પણ તારી ધર્મદશા પડી નથી કે તને આપશે.

હું પોતે જ મારા જ્ઞાન–આનંદ આદિ સ્વભાવથી ભરેલો છું તેની સમીપ જાઉં તો મને મારો પ્રભુ મળશે. સમીપ જવું એટલે એકાગ્રતા કરવી. એકાગ્રતાવંતને રાગમાં સુખબુદ્ધિ હોતી નથી તેથી રાગ આવે તે ખરી જાય છે.

ભગવાન પરમેશ્વરે ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ કહ્યું હતું કે ભાઈ ! તું પૂરો છો તારા ગુણો શોધવા હોય તો તારી અંદર શોધજે બાકી બહારમાં ઝાંવાં નાંખવાથી કાંઈ મળશે નહિ. આ વાતનો જેને અંતરદૃષ્ટિપૂર્વક સ્વીકાર આવ્યો કે જ્ઞાન, આનંદ તો મારામાં જ છે તેને જ્ઞાન–આનંદના વેદન શરૂ થઈ ગયાં, તેને હવે રાગનું વેદન જ નથી. જંગલમાં મુનિને વાઘ, સર્પ આદિ કરડે છે એવા પ્રસંગો બને છે પણ ધર્મી જાણે છે કે મને વાઘનું મોઢું અડ્યું પણ નથી. કટકા પણ શરીરના થાય છે, મારા થતાં નથી. જરાં રાગના અંશનું વેદન આવે છે તે પણ મારા સ્વભાવમાં વ્યાપતું નથી. મારો ભગવાન આત્મા વ્યાપક છે અને નિર્મળ પર્યાય મારું વ્યાપ્ય છે. વ્યાપક એટલે પ્રસરનાર, મારા સમ્યગ્દર્શન–જ્ઞાનમાં શાંતિ અને આનંદનો પ્રસાર થાય છે, સુખ–દુઃખનું વેદન મારા આત્મામાં વ્યાપતું નથી.

આવા વસ્તુસ્વરૂપની સમજણ વિના જીવને ક્યાં પ્રયોગ કરવો, ક્યાં જવું, ક્યાંથી ખસવું એ કાંઈ ખબર નહિ હોવાથી અનાદિથી અથડાયાં કરે છે. સ્વભાવના સ્વીકાર વિના, રાગનો સ્વીકાર અને રાગના વેદનમાં જીવ દુઃખી છે, તે ભલે શેઠિયા હોય કે રાજા હોય......એકલાં દુઃખી છે. રાગમાં રહે છે—રાગભાવ કરીને તેને વેદે છે. તેને દુઃખનું વેદન છે. વળી એ દુઃખનું વેદન મારું છે એમ માને છે તે મિથ્યાત્વ છે. આત્મવસ્તુ તો જ્ઞાનરસસ્વરૂપ છે તેને રાગરૂપ અને દુઃખરૂપ માનવી તે માન્યતા મિથ્યાત્વ છે.

ભગવાન આત્માનું સત્ત્વ શું ?....કે જ્ઞાન, આનંદ આદિનું હોવાપણું તે ભગવાન આત્માનું સત્ત્વ છે. આવા સ્વભાવસત્ત્વનો સ્વીકાર થતાં ધર્મીને રાગાદિભાવોમાં મારાપણું થતું નથી તેથી ધર્મી રાગ–દ્વેષમાં વ્યાપતા નથી અને રાગ–દ્વેષની વેદના આત્મામાં વ્યાપતી નથી.

શ્રોતા :—શું ધર્મની શરૂઆતમાં આવું થતું હશે ? આ તો ઊંચા દરજ્જાની વાત લાગે છે ! કેવળીની હોય તેવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ ! તારા ધર્મની શરૂઆત પણ ઊંચી જ છે. તું કાંઈ નાના છો ? કેવળીની અનંત પર્યાયનો પિંડ તું છો—આ તારી વાત છે.

કરમ વેદના દુવિધ—એક સુખમય અને એક દુઃખમય એ બન્ને કર્મની વેદના છે. પર સંયોગમાં મૂર્છા છે તે રાગનું વેદન છે. પરમાં પ્રેમ આવે—ઉમંગ આવે તે રાગ છે તેમાં દુઃખનું વેદન થાય છે તે કર્મના ફળનું—અજ્ઞાનનું વેદન છે. આત્માનું સ્વરૂપ નથી.

જેને નિર્વિકાર આત્મા વેદનમાં આવ્યો તેને તો અતીન્દ્રિય આનંદની વેદનાનું વેદવું થાય છે. સર્વજ્ઞભગવાને આવું સ્વરૂપ પોતે પ્રગટ કર્યું છે અને પ્રગટ કરવાની રીત જગતને બતાવી છે. જે તારી પાસે ચૈતન્યનિધાન પડ્યાં છે ત્યાં જા અને તેમાં એકાગ્ર થા તો આ બધી કર્મની—સુખ—દુ:ખની વેદના ગૌણ થઈ જશે.

પ્રથમ સમજણમાં તો આ વાત લે કે વસ્તુનું સ્વરૂપ આમ છે. સ્વરૂપના ભાન વગર ત્રણકાળમાં ધર્મ થવાનો નથી. અનંતકાળ અજ્ઞાનમાં વીતાવ્યો છે. કર્મના નિમિત્તે થતાં સુખ—દુ:ખના વિકાર એ બંને એક મોહના જ કાર્યો છે. તારા સ્વભાવના એ કાર્યો નથી.

અરે ! આવી વાત સાંભળવા મળતી નથી તે જીવ ક્યારે સ્વનો આશ્રય લઈને ધર્મ પ્રગટ કરે ! ધર્મની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. દેહની સ્થિતિ તો પૂરી થશે જ. આયુ પૂર્ણતાની સમીપતા થતી જાય છે. શું કરવાનું છે તેની સૂઝ પડતી નથી તેથી ક્રિયા આદિ કરીને તેમાં ધર્મની માન્યતા કરી લે છે.

પ્રભુ ! તું તો અનાકુળ આનંદસ્વરૂપ છો ને ! આનંદસ્વરૂપમાં તો આનંદનું વેદન થાય, કેમ કે પોતાની દશામાં પ્રસરનારો તો આત્મા તું જ છો માટે આનંદનું વેદન આવે તે તારું કાર્ય છે. સુખ—દુ:ખની કલ્પના ઊઠે છે તે બંને દુ:ખરૂપ છે.—મોહનું કાર્ય છે. બહિરલક્ષે ઉત્પન્ન થયેલાં પરને તો આત્મા વેદી શકતો જ નથી. પરના લક્ષે સુખ—દુ:ખની કલ્પના કરીને તેને વેદે છે એ મોહનો વિકાર છે. જીવનું સ્વાભાવિક કાર્ય નથી.

जब यह विवेक मनमांहि धरत—સુખદુ:ખની કલ્પના એ બહિર્મુખભાવ છે અને આત્માના આનંદની દશા અંતરમુખ છે. આ બેનો વિવેક જ્યારે પોતાના મનમાં એટલે ભાવમાં ઊપજે છે ત્યારે ધર્મીને હરખ—શોકની વેદનાનો ભય વ્યાપતો નથી. હું વેદનામાં વ્યાપતો જ નથી અને વેદના મારામાં વ્યાપતી નથી. હું વેદનાથી રહિત છું. એવો અનુભવ કરતાં જ્ઞાનીને વેદનાનો ભય ઊપજતો નથી.

શરીરની અવસ્થાને તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ વેદતાં નથી. જડની અવસ્થાને ચેતન કેવી રીતે ભોગવે ! જડની અવસ્થાને તો ન ભોગવે પણ તે અવસ્થા પ્રત્યે જે અણગમતો ભાવ થાય છે તેને અજ્ઞાની વેદે છે. અને શરીરની અનુકૂળતા દેખીને રાગનો ભાવ થાય છે તેને અજ્ઞાની વેદે છે એ રાગ અને દ્વેષ બંને મોહના વિકાર છે. આત્માનું આનંદવેદન તેનાથી જુદું છે એમ વિવેક થતાં જ્ઞાનીને જડની વેદનાનો ભય ઉપજતો નથી.

ग्यानी निसंक—જ્ઞાની નિશંક છે કે સુખ–દુઃખની કલ્પનાનું વ્યાપવું મારામાં નથી. હું તો શુદ્ધ જ્ઞાન અને આનંદનો સ્વામી છું. રાગની વેદનાના કલંક વિનાની હું નિષ્કલંક વસ્તુ છું.

જ્ઞાની તો આનંદને વેદનારા છે અને આનંદ લેતા આગળ જવાના છે, દુઃખી થતાં થતાં આગળ વધવાના નથી.

'જગતને મરણ તણી બીક છે પણ જ્ઞાનીને આનંદની લ્હેર છે.' અનાદિનો જીવતો જીવ છે તે મરે ક્યાંથી ? જીવ મરે નહિ અને નવો થાય નહિ. જીવતાં જીવને અનુભવનારા જ્ઞાની રાગના વેદનને પોતાનું સ્વરૂપ માનતાં નથી. એ તો સદાય આત્માને જ્ઞાનરૂપ, આનંદરૂપ, સુખરૂપ, શાંતિરૂપ વેદે છે એ પોતાને રાગના વેદનવાળો જોતાં નથી. નિરંતર અકષાયસ્વરૂપને જોતાં–નિરખતાં જ્ઞાનીને રાગની કે દુઃખની વેદનાનો ભય હોતો નથી.

હું મારા સ્વરૂપની રક્ષા કરું........રક્ષા નહિ કરું તો તત્ત્વ ચાલ્યું જશે એવો અરક્ષાભય પણ જ્ઞાનીને હોતો નથી. કારણ કે ચેતનનું સ્વરૂપ અનાદિ અનંત રક્ષાયેલું જ છે.

૫, અરક્ષાનો ભય મટાડવાનો ઉપાય.

जो स्ववस्तु सत्तासरूप जगमहि त्रिकालगत ।
तासु विनास न होइ, सहज निहचै प्रवांन मत ॥
सो मम आतम दरब, सरवथा नहि सहाय धर ।
तिहि कारन रच्छक न होइ, भच्छक न कोइ पर ॥
जब इहि प्रकार निरधार किय, तब अनरक्षा–भय नसित ।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित ॥५४॥

અર્થ :—સત્સ્વરૂપ આત્મવસ્તુ જગતમાં સદા નિત્ય છે. તેનો કદી નાશ થઈ શકતો નથી, એ વાત નિશ્ચયનયથી નિશ્ચિત છે, તેથી મારો આત્મપદાર્થ કદી કોઈની મદદની અપેક્ષા રાખતો નથી, તેથી આત્માનો ન કોઈ રક્ષક છે, ન કોઈ ભક્ષક છે. આ રીતે જ્યારે નિશ્ચય થઈ જાય છે ત્યારે અરક્ષાભયનો અભાવ થઈ જાય છે. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

મારી ચીજ ત્રિકાળ હોવાપણે છે તેમાં રાખવું કે નાશ થવું એવું કદી હોતું નથી. આત્મા સદા અવિનાશી છે. જે સદાય છે તેની રક્ષા કરવાપણું ન હોય તેમ

તેનો નાશ થવાપણું પણ ન હોય. માટે સત્સ્વરૂપ આત્માની રક્ષા કરું તો રહે, ન કરું તો નહિ રહે એમ બનતું નથી.

પોતે ચૈતન્ય હોવાં છતાં પોતાને જડનો પતિ માને—કરોડપતિ માને, ઉદ્યોગપતિ માને, તે મૂઢ છે. અહીં તો રાગને પોતાનો માને--રાગનો પતિ થાય છે તે પણ મૂઢ અને અજ્ઞાની છે. જે પોતાના ગુણોનો સ્વામી થાય છે તે જ સાચો ગુણપતિ છે.

जगमहि त्रिकालगत—જગતમાં હું તો ત્રિકાળ રહેનારી શાશ્વત ચીજ છું. મારો નાશ કદી થયો નથી અને થવાનો નથી. આ વાત સ્વભાવિક, નિશ્ચયથી પ્રમાણભૂત છે. તો વ્યવહારનયથી ? વ્યવહારનયથી પર્યાય બદલે છે પણ વસ્તુનો નાશ થતો નથી.

હું તો આત્મદ્રવ્ય સર્વથા કોઈની સહાય રહિત છું. મારે કોઈના સહારાની જરૂર નથી. કોઈની સહાય હોય તો હું રહી શકું એવું મારું સ્વરૂપ નથી. મારું આત્મદ્રવ્ય જ આવું અનાદિ અનંત સત્તાવાળું સ્વયંરક્ષિત છે. તેના હોવાપણામાં ન હોવાપણુ કદી આવતું નથી.

આત્મદ્રવ્ય કદી કોઈની સહાયની અપેક્ષા રાખતું નથી. આ શરીર છે તો હું ટકું છું—એમ નથી. ઇન્દ્રિયો છે તો જ્ઞાન થાય છે—એમ નથી. મને મારા સ્વભાવથી જ્ઞાન થાય, સ્વભાવથી આનંદ થાય એવો જ મારો ત્રિકાળી સ્વભાવ છે. આવી શ્રદ્ધા થવી તેનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે.

सरवथा नहि सहाय धर—અરે ! કથંચિત્ તો રાખો ! એકાંત થઈ જશે ! અહીં તો 'સર્વથા' અસહાય કહી દીધો છે. આત્માને કથંચિત્ કોઈ સહાય કરે એવો તેનો સ્વભાવ જ નથી. પોતાની સહાય કરનારો આત્મા પોતે જ છે. સર્વથા કોઈ મારો સહાયક નથી. મારું હોવાપણું ત્રિકાળ સત્તાથી શોભિત છે. તેને કોઈની રક્ષાની અપેક્ષા નથી. પર મારી રક્ષા કરે તો હું રહું એવું મારું સ્વરૂપ નથી.

વસ્તુના સ્વરૂપના હોવાપણામાં કથંચિત્ ન હોય. વસ્તુ સર્વથા છે...છે... ત્રિકાળ છે. 'હું છું અને હું નથી' એવું અનેકાંત નથી. હું અનાદિ અનંત વસ્તુ છું તેનો કોઈ રક્ષક નથી તેમ કોઈ ભક્ષક નથી. જેને રક્ષક હોય તેને ભક્ષક હોય અને ભક્ષક હોય તેને રક્ષક જોઈએ. જેને પૈસા આદિની જરૂર હોય તેને શેઠિયાની સહાય જોઈએ. જે મળેલી ચીજની રક્ષા કરે અને નહિ મળેલી ચીજ મેળવી આપે તેને નાથ કહેવાય છે પણ અહીં તો આત્મા પોતે જ પોતાનો નાથ છે. શકિતઓ તો બધી છે અને તેની પૂર્ણ નિર્મળદશારૂપ સિદ્ધદશા પ્રાપ્ત નથી તે પ્રાપ્ત થશે જ, કેમ કે જેણે પ્રતીતિના

સરાંણે આત્માને ચડાવ્યો છે તેને કેવળજ્ઞાન થશે જ.

પોતાને કર્મને આધીન માનનારાઓ અહીં પ્રશ્ન કરે છે કે જો કર્મ તમને રોકતું ન હોય તો અત્યારે મોક્ષ કરી લ્યોને? અરે પ્રભુ! તારે કર્મની આધીનતાથી ખુશી થવું છે! કર્મ મને માર્ગ આપે તો થાય એવી ગાળો તારે સાંભળવી છે?

આ તો છતાં ધણીએ બાઈ રાંડ્યાની 'દાદાની ચિઠ્ઠી' જેવી વાત છે. ધણી બેઠો હોય અને બાઈ રાંડતી હશે? તેમ જ્ઞાનાવરણી જડ કર્મથી ચૈતન્યનું જ્ઞાન રોકાતું હશે? તું રોવા શું બેઠો ભાઈ! તારી અક્કલ ખવાઈ ગયેલી છે, તું પોતે તારા જ્ઞાનને પ્રગટ કરતો નથી ત્યારે જ્ઞાનાવરણીનું માત્ર નિમિત્ત હોય છે તેનું શાસ્ત્ર તને જ્ઞાન કરાવે છે ત્યાં તું તો કર્મને જ કારણ માનીને પરાધીન થઈને રોવા બેઠો? તું જાગૃત થા તો કર્મનું શું ચાલે!

સમકિતીને પોતાના આત્મસ્વરૂપનો નિઃશંક નિર્ધાર થયો છે કે હું, સદાય શુદ્ધ અસહાય અવિનાશી તત્ત્વ છું તેથી તેને પોતાની અરક્ષાનો ભય સતાવતો નથી. ધર્મી જ તેને કહીએ કે જેને સ્વરૂપમાં શંકા પડતી નથી. સ્વરૂપમાં ફેરફાર થઈ જશે તો! એવો સંદેહ નથી.

અરે! કર્મના જોર એવા આવે કે આત્મામાં ખેદાન–મેદાન થઈ જાય. એવી વાતની તને પ્રતીતિ આવે છે અને આત્મા ક્ષણમાં કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો છે તેની તને પ્રતીતિ નહિ!! તારા આત્માની શક્તિ તો જો! આત્મા જાગે તો ક્ષણમાં પૂર્ણદશા પ્રગટ કરી લે. તેને રોકનાર કોઈ નથી. એવો જ જીવનો સ્વભાવ છે.

ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુનો નિર્ધાર થયો તે તો નિઃશંકપણે એમ માને છે કે મારે કોઈ પર સહાયની જરૂર નથી. હું સ્વયં રક્ષાયેલો પૂર્ણાનંદનો નાથ છું. કોઈ ભક્ષક મારો નાશ કરી શકે તેમ નથી. અજગર બકરાંને ગળી જાય છે તેમ મારા આત્મતત્ત્વને કોઈ ગળી જશે એવો ભય જ્ઞાનીને હોતો જ નથી.

જે છે...છે...છે....એવી મહાસત્તાનું હોવાપણું દૃષ્ટિમાં આવ્યું એવા ધર્મી કહે છે કે હું તો નિષ્કલંક છું. મને જ્ઞાનમય જોતો હું તો જ્ઞાનરૂપ છું. વિકારરૂપે હું નથી, આમ, ધર્મી પોતાને સદાય જ્ઞાનરૂપ નીરખે છે તેથી રાગ–દ્વેષ આવતાં નથી અને આવે છે તે પણ ગળીને નિર્જરી જાય છે. *(ક્રમશઃ)*

*

[તા. ૧૦-૫-૨૦૦૧]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મ-જ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : 'શ્રી નાટક સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

### ❖ સમવસરણ એવં સ્વાધ્યાયમન્દિર : વાર્ષિકતિથિ ❖

સુવર્ણપુરીકે શ્રી સીમન્ધરસ્વામી–સમવસરણકી ૬૦વીં વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ જ્યેષ્ઠ કૃષ્ણા ૬, રવિવાર, તા. ૧૩-૫-૨૦૦૧, તથા સ્વાધ્યાયમન્દિરકે ઉદ્‌ઘાટનકી એવં ઉસમેં પરમાગમ શ્રી સમયસારકી મંગલ સ્થાપનાકી ૬૪વીં વાર્ષિક તિથિ જ્યેષ્ઠ કૃષ્ણા ૮, મંગલવાર, તા. ૧૫-૫-૨૦૦૧કે દિન હૈ. યહ દોનોં અવસર પૂજાભક્તિકે વિશેષ આયોજનપૂર્વક મનાયે જાયેંગે.

**શ્રુતપંચમી :**—જ્યેષ્ઠ શુક્લા ૫, રવિવાર, તા. ૨૭-૫-૨૦૦૧કે દિન શ્રુતપંચમી અર્થાત્ ષટ્‌ખણ્ડાગમ આદિ શાસ્ત્રપૂજનકા વાર્ષિક પર્વ હૈ. યહ પર્વ ભી શ્રુતપૂજા આદિ પૂર્વક મનાયા જાયેગા.

**નન્દીશ્વર–અષ્ટાહ્નિકા પર્વ :**—આગામી આષાઢ શુક્લા ૮, ગુરુવાર તા. ૨૮-૬-૨૦૦૧ સે આષાઢ શુક્લા ૧૫, ગુરુવાર તા. ૫-૭-૨૦૦૧ આઠ દિન તક શ્રી પંચમેરુનન્દીશ્વરજિનાલયમેં પંચમેરુ–નન્દીશ્વરપૂજાવિધાન એવં અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક સાનન્દ મનાયા જાયેગા.

**વીરશાસનજયન્તી :**—આગામી શ્રાવણ કૃષ્ણ ૧, શુક્રવાર, તા. ૬-૭-૨૦૦૧કે દિન શ્રી પરમાગમમન્દિરમેં પૂજાભક્તિકે વિશેષ આયોજન સહ મનાઈ જાયેગી.

## મુમ્બઈ નગરી કે મલાડ–ઉપનગરમેં સાનન્દ સમ્પન્ન

## શ્રી દિગમ્બર જિનબિમ્બ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ

અત્યન્ત પ્રસન્નતા સહ વિજ્ઞાપન હૈ કિ પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી એવં પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકે પુનિત ધર્મોપકાર પ્રતાપસે તથા ગહરે આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે૦ શાહકી મંગલમયી શુભાશિષસે મુંબઈ શહરકે મલાડ–ઉપનગરમેં પૂજ્યગુરુદેવશ્રીકાનજીસ્વામીભક્તગણ શ્રી ઉપનગર દિગમ્બર જૈન મુમુક્ષુમંડલ દ્વારા આયોજિત તા. ૩૦-૪-૨૦૦૧ સે તા. ૭-૫-૨૦૦૧ અષ્ટાહ્નિક શ્રી દિગમ્બર જિનબિમ્બ–પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ સાનંદ સમ્પન્ન હુઆ હૈ. ઈસકા વિશેષ સમાચાર જૂન માહકે અંકમે દિયા જાયેગા.

## મુલુણ્ડ (મુમ્બઈ) નિવાસી શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ–પરિવાર (હા૦ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ) કે સૌજન્યસે અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમેં અત્યાનંદોત્સાહ સહ સુચારુ સમ્પન્ન—

## ૧૧૨વાઁ શ્રી કહાનગુરુ–જન્મોત્સવ

પ્રવર્તમાનતીર્થનાયક પરમપૂજ્ય ભગવાન શ્રી મહાવીરસ્વામીકે મુખદ્રહસે પ્રસૂત એવં શ્રીમદ્ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવપ્રધાન વિશુદ્ધ અધ્યાત્મ-હિમાનીકી મધુરી સંજીવનીકો, અપને પ્રવચનપ્રાભૃત દ્વારા, દેશવિદેશમેં પ્રસારિત કરનેવાલે હમારે પરમતારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીકા ૧૧૨વાઁ મંગલમય વાર્ષિક જન્મોત્સવ ઉનકી પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) મેં, તા. ૨૧-૪-૨૦૦૧ સે તા. ૨૫-૪-૨૦૦૧–પંચાહ્નિક ભવ્ય સમારોહકે રૂપમેં અત્યાનન્દોલ્લાસ સહ સમ્પન્ન હુઆ.

### * ધન્ય વૈશાખી દોજ! *

અહો! હમારે તારણહાર પરમોપકારી ગુરુદેવશ્રીકે જન્મકલ્યાણકોપમ મંગલ જન્મોત્સવકી મહિમા ક્યા કહી જાયે! જૈનજગતમેં જો મહત્ત્વ તીર્થંકરોંકે જન્મકલ્યાણકકા હૈ વૈસા હી મહત્ત્વ મુમુક્ષુજગતમેં તીર્થંકરોપમ તારણહાર હમારે પરમોપકારી કહાનગુરુદેવકે મંગલ જન્માવસરકા હૈ. સચમુચ વૈશાખ શુક્લા દોજ ઐસે અસાધારણ ઉપકારમૂર્તિ અધ્યાત્મયુગસ્રષ્ટાકો જન્મ દેકર ધન્ય વ મંગલમયી બન ગઈ!

### * ગુરુ–ભક્તિકા પ્રેરણાસ્રોત *

ગુરુ–જન્મોત્સવકે ઈસ મંગલ અવસર પર, ગુરુદેવશ્રીકી અપાર મહિમા સમઝાનેવાલીં પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકી ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સબ મુમુક્ષુઓંકો અપને સ્મૃતિપટ પર બરાબર ઉભર આતી થી. ઉન ઉપકારમૂર્તિકી ગુરુભક્તિપ્રેરક મંગલ ઉપસ્થિતિ

યદિ હોતી તો ઈસ ગુરુ–જન્મોત્સવકી રૈનક કુછ ઔર હી હોતી! ગુરુ–ભક્તોંકો ઈસ મંગલ અવસર પર ઈતના અધિક આનન્દોલ્લાસ થા કિ માનોં સુવર્ણપુરીકે ગગનચુમ્બી વિશાલ અન્તરીક્ષમેં ઉનકી પરોક્ષ મંગલ ઉપસ્થિતિ હી મુમુક્ષુભક્તોંકો ગુરુભક્તિકી સાતિશય પ્રેરણા દેતી થી! સમગ્ર મુમુક્ષુસમાજને, ઉન કલ્યાણીમૂર્તિકી પવિત્ર ભક્તિપ્રેરણા શિરોધાર્ય કર, ગુરુ-જન્મોત્સવ અતિ આનન્દોત્સાહપૂર્વક મનાયા.

### * ગુરુ–જન્મોત્સવસે ધર્મપ્રભાવના *

ઈસ ભવ્ય અવસરકા દેશવિદેશકે ૪૦૦૦ સે અધિક ગુરુભક્તોંને લાભ લિયા થા. પૂજ્ય ગુરુદેવ એવં પૂજ્ય ભગવતી માતાકે પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનવાલે હજારોં મુમુક્ષુઓં દ્વારા—હમારે આદરણીય, ગહરે આદર્શ આત્માર્થી, ગુરુભક્ત, પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જેઠાલાલ શાહકી ગુરુભક્તિભીની મંગલ ઉપસ્થિતિમેં—મનાયા ગયા યહ ગુરુ–જન્મોત્સવ સચમુચ હી ધર્મપ્રભાવનાપૂર્ણ એવં અતિ આનન્દદાયી રહા.

### * આનન્દોત્સાહ એવં પૂર્વ તૈયારી *

જિનકી ઓરસે યહ ૧૧૨વાઁ ગુરુ–જન્મોત્સવ આનન્દોલ્લાસ સહ મનાયા ગયા ઉનકે—શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ (હા૦ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ) કે—સમગ્ર પરિવારકો મહા સૌભાગ્યસે સમ્પ્રાપ્ત ઈસ ગુરુ–જન્મોત્સવકો મનાનેકા ઈતના અધિક આનન્દોત્સાહ થા કી ઈસકી પૂર્ણ સફલતાકે લિયે પૂરે પરિવારને ઈસકે આયોજન એવં અન્ય વિવિધ શોભાસાજ બનાનેમેં, પંચપરમેષ્ઠિવિધાનકે મણ્ડલ (માંડને) કી શોભાસામગ્રીકે લિયે, સાંસ્કૃતિક કાર્યક્રમ ઈત્યાદિ અનેક આયોજનકે લિયે મહિનોંસે અતિ ભક્તિભાવભીની પૂર્વ–તૈયારી કી થી.

### * પ્રવેશદ્વાર એવં પ્રવચનપીઠ *

ઈસ ગુરુ-જન્મોત્સવકે માંગલિક અવસર પર આયોજન-પરિસરકા પ્રવેશદ્વાર વિશાલ, અતિભવ્ય એવં અતીવ મનોહર બનાયા ગયા થા. ઉસે દેખતે હી આયોજકકા ગુરુ–જન્મોત્સવકો અતિ ભવ્યતાસે મનાનેકા આનન્દોલ્લાસ પ્રતીત હોતા થા. પ્રવેશદ્વાર પર દૃશ્ય ઈતના અધિક રમણીય થા કિ–માનોં ગુરુદેવ સ્વયં ભક્તોંકે ભક્તિરસભરપૂર હર્ષાનન્દકો દેખને એવં મંગલ આશિષ દેને કે લિયે સનત્કુમાર–સ્વર્ગસે અપને હંસ–વિમાનમેં બૈઠકર અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીકે અંતરીક્ષમેં પધારે હો ઔર ધર્મવૃદ્ધિકી મંગલ આશિષ દેતે હો. આયોજન–પરિસરકે ભીતર જાતે હી શ્રી સીમંધર જિનેન્દ્ર–માનસ્તમ્ભ, જિનમન્દિર એવં સમવસરણમન્દિરમેં જિનેન્દ્રદેવકા દર્શન કરકે, વિશાલ ભવ્ય પ્રવચનમણ્ડપકે પ્રવચન–પીઠ- કી શોભા દેખતે હી મનકો પ્રસન્નતાકી કોઈ ઓર હી અનુભૂતિ હોતી થી. પ્રવચન-પીઠ પર પ્રથમ દો દિન લગાયા ગયા વિશાલ ચિત્રપટ-ત્રિપીઠિકા એવં ભવ્ય કમલાસીન શ્રી સીમંધર ભગવાનકે જ્ઞાનકિરણ વિદેહી જ્યોત ભરતક્ષેત્રમેં લાકર પરમ–તારણહાર કૃપામૂર્તિ કહાનગુરુદેવ મંગલ આશિષ સહ ઉસકા બોધ દેતે હૈં. ઔર તત્પશ્ચાત્ પ્રવચનપીઠ પર લગાયા ગયા

પૂજ્ય ગુરુદેવકે નવ ભવકા વિશાલ એવં અતિ રમણીય ચિત્રપટ મુમુક્ષુસમાજકો પૂજ્ય ગુરુદેવકે ભૂતકાલીન ચાર ભવ—૧. દિવ્ય પુરુષ, ૨. અજબ શક્તિશાલી રાજા, ૩. સનત્કુમાર દેવ, ૪. સીમન્ધર સમવસરણમેં વિદેહકે ગુણિયલ રાજકુમાર–, ગુરુદેવકા વર્તમાન ભવ ઔર ભવિષ્યકે ચાર ભવ–(૧) સનત્કુમાર સ્વર્ગકે ઋદ્ધિધારી દેવ, (૨) જમ્બૂદ્વીપકે કિસી અચ્છે ક્ષેત્રમેં તીર્થંકરકા પુત્ર (૩) અહમિન્દ્ર (૪) ધાતકીખણ્ડ-વિદેહક્ષેત્રમેં ભાવી સૂર્યકીર્તિ તીર્થંકર—યહ નવ ભવોંકા દૃશ્ય પૂજ્ય ગુરુદેવકી લોકોત્તર મહિમાકા અદ્ભુત બોધ દેતા થા. તત્પશ્ચાત્

### * જન્મોત્સવકા દૈનિક કાર્યક્રમ *

ઈસ પંચાહ્નિક મંગલ જન્મોત્સવમેં પ્રતિદિન ક્રમશઃ પ્રાતઃ પૂજ્ય બહિનશ્રીકી ઑડિયો ધર્મચર્ચા, જિનેન્દ્ર–દર્શનપૂજા, પરમાગમમન્દિરમેં શ્રી પંચપરમેષ્ઠિમણ્ડલવિધાનપૂજા, ગુરુભક્તિસૂત્રોંસે અંકિત ભવ્ય 'બેનર', ત્રિપીઠિકાયુક્ત ગંધકૂટી એવં ભવ્ય કમલ પર ચતુરાંગુલ અંતરીક્ષમેં આસીન શ્રી સીમન્ધર ભગવાનકે જ્ઞાનકિરણ–વિદેહી જ્યોત–ભરતક્ષેત્રમેં લાકર પરમ–તારણહાર કૃપામૂર્તિ પૂજ્ય કહાનગુરુદેવ મંગલ આશિષ સહ ઉસકા બોધ દેતે હૈં–ઈસ વિશાલ એવં અતિ ભવ્ય ચિત્રપટસે વિભૂષિત એવં વિવિધ શૃંગારસે સજે ગયે મનોહર પ્રવચન-પીઠ પર પૂજ્ય ગુરુદેવશ્રીકા સમયસાર ગાથા ૧, ૬, ૫૨ અધ્યાત્મરહસ્યપૂર્ણ ટેપપ્રવચન, સમૂહ ગુરુભક્તિ, તત્પશ્ચાત્ ધાર્મિક શિક્ષણશિબિર; અપરાહ્ન સમાગત વિદ્વાનોં દ્વારા 'ગુરુદેવશ્રીકે વચનામૃત' પર શાસ્ત્રપ્રવચન, પરમાગમમન્દિરમેં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણશિબિર; સાયં પદ્મનંદિપંચવિંશતિકાકે દેશવ્રતોદ્યોતન અધિકાર પર પૂજ્ય ગુરુદેવશ્રીકા ટેપપ્રવચન ઔર અન્તમેં 'કૌન બનેગા આત્માર્થી?', અન્તકડી એવં અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ.—યહ પ્રક્રમ બરાબર વ્યવસ્થિત ચલતા થા. પૂજા, ભક્તિ, પ્રવચન ઈત્યાદિ પ્રત્યેક કાર્યક્રમમેં મુમુક્ષુઓંકી ઉપસ્થિતિસે સ્થાન પૂરા ભર જાતા થા. 'પંચપરમેષ્ઠિમંણ્ડલવિધાનપૂજા' કે સમય પરમાગમમન્દિર પૂરા ભર જાતા થા. નીચે સ્થાનાભાવકે કારણ મુમુક્ષુ ભાઈબહિનેં ઉપરકી દાલાનમેં બેઠકર પૂજા કરતે થે.

### * તત્ત્વજ્ઞાન–મહાયાગ *

ગુરુ–જન્મોત્સવકી ઈસ મંગલ વેલામેં, 'તત્ત્વજ્ઞાન–મહાયાગ' (શિક્ષણવર્ગ) આયોજિત કિયા ગયા થા, જિસમેં સૈંકડોં મુમુક્ષુઓંને તત્ત્વજ્ઞાનકે અભ્યાસકા લાભ લિયા થા. શિક્ષણવર્ગમેં બ્ર૦ શ્રી વ્રજલાલભાઈ શાહને રોચક શૈલીસે શિક્ષણ દિયા થા. ઈસ લાભકે અતિરિક્ત વિશિષ્ટ લાભ થા હમારે આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈકે આશિષદાયી એવં તત્ત્વાભ્યાસકી મધુરી પ્રેરણાપૂર્ણ સત્સમાગમકા. ઉનકે સ્વલ્પ સત્સમાગમસે ભી તત્ત્વપિપાસુ યુવકવર્ગ એવં અન્ય આબાલવૃદ્ધ સર્વ આનન્દવિભોર હો જાતે થે.

### * સાંજી (સાયં ભક્તિ) *

ઈસ મંગલ અવસર પર સાંજી (સાયં ભક્તિ) તા. ૨૧-૪-૨૦૦૧ કે શામકો ઉત્સવ

આયોજક શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ (હાo શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ)–પરિવાર દ્વારા અપને નિવાસ પર બ્રહ્મચારિણી બહિનોંકે લિયે રખી ગઈ થી. તા. ૨૨-૪-૨૦૦૧ શામકો (૧) શ્રી ધીરજલાલ ભાઈલાલ ડેલીવાલા, (૨) શ્રી વિમળાબેન સારાભાઈ શાહ–પરિવાર, ઔર (૩) શ્રી પાનાચન્દ શાહ-પરિવાર (૪) શ્રી અનન્તરાય વ્રજલાલ શાહ–પરિવાર કી ઓરસે સંયુક્તરૂપસે સાંજી સમસ્ત મુમુક્ષુ સમાજકે લિયે રખી ગઈ થી. તા ૨૩-૪-૨૦૦૧ શામકો ધીરજલાલ નરોત્તમદાસ શાહ–પરિવારકી ઓરસે સમસ્ત મુમુક્ષુસમાજકે લિયે 'સાંજી' પ્રવચન-પણ્ડાલમેં રખી ગઈ થી. તા ૨૪ કે શામકો શ્રીમતી મિનલબેન એવં મેઘાબેન દ્વારા શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહકે નિવાસ પર બ્રo બહિનોંકે લિયે રખી ગઈ થી.

### * ભાવિજિનવર–સમવસરણવિહાર *

ઈસ 'ગુરુ-જન્મોત્સવકે હર્ષોપલક્ષમેં તા. ૨૪-૪-૨૦૦૧કે દિન સાયં 'ધાતકીખણ્ડ–વિદેહકે ભાવિ તીર્થંકરદેવ'કે સમવસરણ-વિહાર (ભવ્ય રથોત્સવ)કા સુન્દર આયોજન કિયા ગયા થા. ઇસ ભવ્ય અવસર પર સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપિટિકાયુક્ત ભવ્ય ગંધકુટી પર વિરાજમાન શ્રી ભાવિ ભગવાનકા સમવસરણવિહાર સબ ભક્તોંકો અતિ આનન્દદાયી અનુભૂત હોતા થા. રથકે સારથી બનનેકા સૌભાગ્ય શ્રી શાન્તિલાલ દલીચન્દ શાહ–પરિવાર, હાo શ્રી અંજનભાઈ શાહકો પ્રાપ્ત હુઆ થા. ભવ્ય સાજકે સાથ એક કહાનકુઁવરકે 'પાલના–ઝૂલના' કા મનોહર 'ફ્લોટ' (Float) સબકા ગુરુભક્તિભીના ચિત્ત અપની ઓર આકર્ષિત કરતા થા. ('કહાન કુઁવર-પાલના–ઝૂલન' ફ્લોટ કી બાલીકા સૌભાગ્ય મહોત્સવ–આયોજક શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ-પરિવારકો સમ્પ્રાપ્ત હુઆ થા) રથમહોત્સવકી ભવ્યતા દેખકર ગ્રામજનતા ભી પૂજ્ય ગુરુદેવકી અસાધારણ મહિમાકા પુનિત સ્મરણ કરતી થી. તીનોં ભજનમણ્ડલીને ભક્તિમય એવં રોચક વાતાવરણ બના દિયા થા.

### * સાંસ્કૃતિક કાર્યક્રમ *

ઈસ મંગલ અવસર પર બાલકોં દ્વારા ૧. કહાનગુરુ–મહિમાપૂર્ણ ગીતોં દ્વારા કવિસમ્મેલન, ૨. કહાનગુરુ–નવભવદર્શન (કહાનગુરુ–સ્વર્ણિમ ઈતિહાસ)–નાટિકા, ૩. અન્તાક્ષરી, ૪. સૂર્યકીર્તિ–પંચકલ્યાણક—ઈત્યાદિ અનેકવિધ, ભાવવાહી એવં મનોહર સાંસ્કૃતિક કાર્યક્રમ વિભિન્ન રાત્રિમેં પ્રસ્તુત કિયે ગયે થે. યહ સબ કાર્યક્રમ રોચક, ભાવવાહી એવં મનોહર થે. બાલકોંકે ભાવ–અભિવ્યક્તિ સચમુચ સરાહનીય થી.

### * પ્રવચનકાર એવં અધ્યાપક *

ગુરુભક્તિકે ઈસ ભવ્ય મહોત્સવમેં શાસ્ત્રપ્રવચન સર્વશ્રી હિમ્મતભાઈ ડગલી, સુભાષભાઈ શેઠ, રાજુભાઈ કામદાર, નિરંજનભાઈ ડેલીવાલે, ઔર બ્રo ચન્દુભાઈ જોબાળીયાને ગુરુમહિમા ભરપૂર સુન્દર શૈલીસે દિયા થા. આયોજિત ત્ર્યહ્નિક 'શિક્ષણશિબિર'મેં ડૉo પ્રવિણભાઈ દોશી એવં શ્રી સુભાષભાઈ શેઠને શિક્ષણ સુન્દર શૈલીસે દિયા થા.

## * ગુરુ-જન્મોત્સવકા મંગલ દિન *

જન્મકલ્યાણક–સા ગુરુજન્મોત્સવકે આનન્દકારી મંગલ દિન, પ્રવચન-પીઠકા મનમોહક ભવ્ય દૃશ્ય હી કોઈ ન્યારા એવં અતીવ આશ્ચર્યપ્રદ થા. ઈસ મનોજ્ઞ ચિત્રપટમેં, માતાકે શયનકક્ષમેં જાકર શચી–ઈન્દ્રાણી અતીવ ભક્તિભાવસે બાલક–તીર્થંકરકો અપને કરયુગમેં લેકર જન્માભિષેકકે લિયે સૌધર્મ–ઈન્દ્રકો સોંપતી હૈ, ઈન્દ્ર બાલક–તીર્થંકરકે કલ્પનાતીત ભવ્ય રૂપ દેખતે હી આશ્ચર્યમુગ્ધ હો જાતા હૈ, ઔર અત્યન્ત ભક્તિભાવસે ભગવાનકો અપને કરદ્વયમેં લેકર, ઐરાવત ગજેન્દ્ર પર સવાર હોકર મેરુપર્વતકી શાશ્વત પાંડુકશિલા પર બિરાજમાન કર, ૧૦૦૮ જલપૂર્ણ સ્વર્ણ કલશોંસે જન્માભિષેક કરતા હૈ; મેરુપર્વતકી સ્વર્ણિમ રચના, યન્ત્ર દ્વારા બાલક તીર્થંકર સહિત ઈન્દ્ર-ઈન્દ્રાણીકી સવારીયુક્ત ઐરાવત ગજેન્દ્ર દ્વારા મેરુપર્વતકી પ્રદિક્ષણા—ઈત્યાદિ દૃશ્ય અતિ સુન્દર થા. પ્રવચન–પીઠ પર પૂજ્ય ગુરુદેવશ્રીકી પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) બિરાજમાન થી. પૂજ્ય ગુરુદેવશ્રીકી જન્મબધાઈ કરતે હુએ આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ, ઉત્સવ-આયોજક–પરિવાર એવં મુમુક્ષુઓંકી અતિવિશાલ પંક્તિ–યહ સબ અદ્ભુત દૃશ્ય દેખતે હી સહજરૂપસે મુમુક્ષુઓકો આનન્દપ્રદ મિશ્રાનુભૂતિ હોતી થી. પ્રવચનપીઠ પર અગ્ર ભાગમેં દેખને પર હમ ભરતક્ષેત્રમેં હૈં ઐસી અનુભૂતિ હોતી થી, ઔર પીછે દેખને પર હમ ઘાતકીખણ્ડ વિદેહક્ષેત્રમેં હૈં ઔર સૂર્યકીર્તિ–બાલતીર્થંકરકા જન્મકલ્યાણક ઔર જન્માભિષેક દેખ રહે હૈં ઐસી અનુભૂતિ હોતી થી. જન્મકલ્યાણક ઔર જન્મજયન્તી દો પ્રકારકી ઈસ મિશ્રાનુભૂતિસે ભક્તગણ અતીવ પ્રમુદિત હોકર ભક્તિભાવસે નાચ ઉઠતા થા. પ્રસ્તુત મહા મંગલકારી ગુરુ–જન્મોત્સવકે પ્રતીકરૂપ થરમોકોલનિર્મિત ૧૧૨ અંકકે રમણીય ચિત્રપટોંસે વિભૂષિત પ્રવચનમંડપમેં પૂજ્ય ગુરુદેવકી વિશાલ ભવ્ય પ્રતિકૃતિકે સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્ગુરુભક્તિ એવં પ્રણિપાતસ્તુતિ, પૂજ્ય ગુરુદેવ એવં પૂજ્ય બહિનશ્રીકે વિડિયો–'માંગલિક', જન્મબધાઈ–નિમિત્ત ગુરુદર્શન એવં ભક્તિ (ભજનમણ્ડલી દ્વારા), પરમાગમમન્દિરમેં 'પંચપરમેષ્ઠિવિધાનપૂજા' એવં ઉસકા સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીકા ટેપપ્રવચન, 'મંગલવર્ધિની' ગાડીમેં બૈઠકર પૂજ્ય ગુરુદેવશ્રીકા (પ્રતિકૃતિકે રૂપમેં) અતીવ સુશોભિત પ્રવચનમણ્ડપમેં મંગલ પદાર્પણ, પૂજ્ય બહિનશ્રી દ્વારા પૂર્વમેં કી ગઈ જન્મબધાઈકે વિડિયો દ્વારા દર્શન ઔર તત્પશ્ચાત્ આદરણીય પંડિતજી, જન્મોત્સવકે આયોજક શ્રી ધીરુભાઈ શાહ-પરિવાર તથા મુમુક્ષુસમાજ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીકે સ્ટેચ્યુ સમક્ષ જન્મબધાઈ! જન્મબધાઈકે સમય પૂજ્ય ગુરુદેવશ્રીકે કતિપય મુદ્રિત વચનામૃતયુક્ત ચાંદીકી ડિબ્બી અપને મસ્તક પર લેકર ક્રમશઃ આતી હુઈ મુમુક્ષુઓંકી અતિ વિશાલ પંક્તિ અતીવ ભવ્ય દિખતી થી. અપરાહ્ન વિદ્વાન દ્વારા શાસ્ત્ર–પ્રવચન, જિનેન્દ્ર એવં ગુરુભક્તિ; સાયં જિનેન્દ્ર–આરતી, 'દેશવ્રતોદ્યોતન' પર પૂજ્ય ગુરુદેવશ્રીકા ટેપપ્રવચન. ઈસ પ્રકાર નિયમિત એવં રોચક કાર્યક્રમસે સમાગત સબ મેહમાનોંકો અતીવ હર્ષાનુભૂતિ હોતી થી.

ગુરુ–જન્મોત્સવકે મંગલ અવસર પર સ્થાયી મણ્ડલવિધાનપૂજા ૭૦ મહાનુભાવોંકી ઓરસે તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૪ મહાનુભાવોંકી ઓરસે રખી ગઈ થી.

પૂજ્ય કહાનગુરુદેવકે ઈસ ભવ્ય જન્મોત્સવકે પાંચોં દિન સમાગત મેહમાનોંકે લિયે સુબહ–સાયંકા એવં સ્થાનિક મુમુક્ષુ સમાજકે લિયે સુબહકા જીમન રખા ગયા થા. શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ–પરિવારને એવં સ્થાયી જીમનમેં અન્ય ૬ મહાનુભાવોંને ઈસ જીમન–આયોજનમેં લાભ લિયા થા.

ધાર્મિક સાહિત્યમેં ૫૦ પ્રતિશત ડિસ્કાઉન્ટ ૫ મહાનુભાવોંકી ઓરસે રખા ગયા થા.

ઈસ મંગલ અવસર પર સંસ્થાકો નિમ્ન પ્રકારસે કુલ આય હુઈ થી—

| | |
|---|---|
| ૧૧૨×૧૩૯૪ | ૧,૫૬,૧૨૮=૦૦ |
| પ્રાસંગિક વિધાન પૂજા | ૪૦૦૪=૦૦ |
| રથયાત્રાકી બોલી | ૧,૧૪,૫૧૦=૦૦ |
| રુ. '૫૦૧' કી વધાઈકે ૫૦૧×૫૨૦ | ૨,૬૦,૫૨૦=૦૦ |
| રુ. '૧૦૦૧' કી વધાઈકે ૧૦૦૧×૨૭ | ૨૭,૦૨૭=૦૦ |
| આરતી | ૩,૮૯૨=૫૦ |
| રથયાત્રા–પાલનાઝૂલન તથા જન્મવધાઈ–સ્ટેજ | ૫૮,૮૩૯=૦૦ |
| | ૬,૨૪,૯૨૦=૫૦ |

* * *

★ ઉપકારમૂર્તિ સ્વાત્માનુભવી પૂજ્ય બહિનશ્રીકી ગ્યારહવીં સાંવત્સરિક સમાધિતિથિ, તા. ૮-૫-૨૦૦૧ સે તા. ૧૦-૫-૨૦૦૧ (જ્યેષ્ઠ કૃષ્ણા ૩) તક–યહ તીન દિન, સુવર્ણપુરીમેં ઉનકે જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક પુરુષાર્થ એવં અન્ય અપાર ઉપકારોંકે વેદનભીને સ્મરણપૂર્વક ઉદાસીભરે વાતાવરણમેં સાદગીમેં સમ્પન્ન હુઈ. ઈસ અવસર પર શ્રી પંચપરમેષ્ઠિ-મંડલવિધાનપૂજાકા આયોજન કિયા ગયા થા. અપરાહ્ન શાસ્ત્રપ્રવચન 'બહિનશ્રીકી સાધના ઔર વાણી' ગ્રન્થ પર હુઆ થા. ઉસ સમય બહિનશ્રીકી લઘુવયમેં કી ગઈ સાધના, અપ્રતીમ પુરુષાર્થ એવં ભવાબ્ધિતારણી, 'અનુભવીકી અમૃતવાણી' સુનતે હુએ, ઉનકે ઉપકારસ્મરણસે ભક્તોંકે હૃદય, વિરહવેદનસે દ્રવિત હો જાતે થે. જ્યેષ્ઠ કૃષ્ણા ૩, સમાધિતિથિકે દિન સુબહ પૂજ્ય ગુરુદેવશ્રીકે 'પ્રવચનસાર' પર ટેપપ્રવચનકે પશ્ચાત્ ગહરે આદર્શ–આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિમ્મતભાઈ જે૦ શાહ દ્વારા વિયોગવેદનસે ગદ્ગદ્ હોકર તત્સમય દી ગઈ અત્યન્ત ભાવભીની શ્રદ્ધાંજલિકી ટેપ સુનાઈ ગઈ થી, ઔર તત્પશ્ચાત્ પૂજ્ય બહિનશ્રીકે પ્રતિ વિરહવેદનભીની સમૂહભક્તિ રખી ગઈ થી. તત્પશ્ચાત્ પૂજ્ય બહિનશ્રીકે નિવાસસ્થાન પર સમૂહ દર્શનકા કાર્યક્રમ રખા ગયા થા. ઉસ સમયકે વિરહવેદન એવં વૈરાગ્યભીને વાતાવરણસે અનેક મુમુક્ષુહૃદય ઢીલે હો ગયે થે ઔર અનેકોંકે નેત્ર અશ્રુભીને હો ગયે થે.

પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ :—અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીમેં 'પ્રશમમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકે ૮૮વેં વર્ષકે મંગલજન્મોત્સવ' કે અવસર પર તા. ૩૦-૭-૨૦૦૧ સોમવારસે તા. ૧૮-૮-૨૦૦૧ શનિવાર–બીસ દિન તક પુરુષોંકે લિયે 'પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ' ચલેગા. શિક્ષણાર્થિયોંકે લિયે આવાસ–ભોજન–વ્યવસ્થા નિઃશુલ્ક રખી ગઈ હૈ.

૮૮વેં વર્ષકા 'મંગલ–જન્મોત્સવ'

શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુમણ્ડલકે સૌજન્યસે પૂજ્ય ગુરુદેવશ્રીકે ભક્તચૂડામણિ ધન્યાવતાર સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકે ૮૮વેં 'મંગલમય જન્મોત્સવ' (ભાદોં વદી ૨) તા. ૨-૮-૨૦૦૧ ગુરુવારસે તા. ૬-૮-૨૦૦૧ સોમવાર—પાંચ દિન તક શ્રી રત્નત્રયમંડલવિધાનપૂજા ઈત્યાદિ કાર્યક્રમપૂર્વક સમ્પન્ન હોગા. નિમન્ત્રણપત્રિકાકી લેખનવિધિ સોનગઢમેં તા. ૮-૭-૨૦૦૧ રવિવારકે દિન રખી ગઈ હૈ.

રક્ષાબન્ધનપર્વ :—ઉપસર્ગવિજેતા શ્રી અકમ્પનાચાર્ય આદિ ૭૦૦ મુનિયોંકી રક્ષાકા વાર્ષિક પર્વ તા. ૪-૮-૨૦૦૧ (શ્રાવણી પૂર્ણિમા)કે દિન હૈ. વહ ભી પૂજાભક્તિકે સમારોહપૂર્વક મનાયા જાયેગા.

*

## વૈરાગ્ય સમાચાર :—

ચોરીવાડનિવાસી (હાલ પાર્લા-મુંબઈ) શ્રી મનુભાઈ પાનાચંદ શાહ (વર્ષ-૭૭) હૃદયની બિમારીથી તા. ૧૫-૨-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો અભ્યાસ અને ઘણી રુચિ હતી.

રાજકોટનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી દિનેશભાઈ વાલજીભાઈ મહેતા (વર્ષ-૬૦) તા. ૧૬-૪-૨૦૦૧ના રોજ એકાએક સ્વર્ગવાસ પામેલ છે. તેમને તત્ત્વ સમજવાની ઘણી જિજ્ઞાસા હતી.

નાગનેશનિવાસી, સોનગઢવાસી શ્રી ધીરજલાલ લાલચંદ શેઠ (વર્ષ-૮૩) તા. ૨૪-૩-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી સ્વ. રમેશચંદ્ર ધીરજલાલ શાહના ધર્મપત્ની તથા શ્રી જ્યોતિન્દ્રભાઈ પારેખના બહેન વિદ્યુતબેન (વર્ષ-૫૧) તા. ૧૫-૪-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❀ એક ત્રિકાળી ધ્રુવને જાણ્યા વિના જે જીવ જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી જીવને રખડવું મટતું નથી. જે ત્રિકાળી ચીજ છે તેમાં તો એક સમયની પર્યાય પણ નથી. જે ભેદમાં ને વિકલ્પમાં રોકાશે તે જીવને ત્યાં સુધી આત્મા હાથમાં—જ્ઞાનમાં નહીં આવે. પ્રભુ ! એક વાર સાંભળ, બધું મૂકીને એકવાર નિર્વિકલ્પતત્ત્વ જો ! અવસર ચાલ્યા જશે તો ફરી ક્યારે મળશે નાથ ! માટે ચાલતી ધારા જે પર્યાય છે તેની નજર છોડીને તેની પાછળ જે ત્રિકાળી નાથ મૌજૂદ બિરાજમાન છે તેની નજર કર બાપુ ! ૨૧૦.

❀ તાત્પર્ય એ છે કે પર્યાય વિનાનો ભગવાન આત્મા તે ઉપાદેય છે. સિદ્ધ સમાન એટલે કે ત્રિકાળી શુદ્ધ એવો નિજ આત્મા ઉપાદેય છે. પણ કોને ઉપાદેય છે કે જેણે અનુભૂ  દ્વારા ઉપાદેય બનાવ્યો છે ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. શુદ્ધાત્માની સન્મુખની અનુભૂતિરૂપ પરિણમન થાય ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. એમ ને એમ ઉપાદેય-ઉપાદેય કરે—ધારણામાં રાખે તેને આત્મા ઉપાદેય નથી. ૨૧૧.

❀ નિજ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ પોતે જ પોતાને ઉપાદેય છે. નિશ્ચયથી તો મોક્ષની પર્યાય પણ આશ્રય-આલંબન માટે હેય છે, સંવર–નિર્જરાની (સ્વાનુભૂતિની) પર્યાય પણ હેય છે. નિશ્ચયથી તો નિજ ભગવાન શુદ્ધાત્મા પોતે જ ઉપાદેય છે. દ્રવ્ય, દ્રવ્યથી પ્રકાશતું નથી કારણ કે તે ધ્રુવ છે, સ્વાનુભૂતિની પર્યાય દ્વારા પ્રકાશે છે; પણ તે ધ્રુવનો આશ્રય લે છે ત્યારે પર્યાયમાં વસ્તુ પ્રકાશે છે–પ્રગટે છે. ૨૧૨.

❀ પરની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય નથી, પરંતુ સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. પર્યાય ને દ્રવ્ય બે ભિન્ન સત્તા છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી, વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. આવા ભગવાનને લક્ષમાં લેનારી પર્યાય પણ વસ્તુમાં આવતી નથી. ૨૧૩.

❀ સમ્યગ્દર્શન હુઆ વહ તો ભગવાન હો ગયા. રાગકા મૈં કર્તા નહીં, પરકા મૈં કર્તા નહીં. મૈં તો સર્વજ્ઞ હું, તો શ્રદ્ધામેં સર્વજ્ઞ હો ગયા. બોલનેકી બાત નહીં હૈ. અકર્તાપણા પ્રગટ હુઆ હૈ. ૨૧૪.

*

## 卐 અલ્પકાળમાં મુક્તિ થાય જ 卐

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં જ મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે, જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે. *—જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o Vshahco@Yahoo.com
Fax : C/o (0278) 411196